**ક્રમાંક-૬**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૨૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ક્લેરીફીકેશન**

**અગાઉ ઉપસ્થિત થયેલ ટેબ્લેટની ખરીદી બાબતના મુદ્દાની સ્પષ્ટતા બાબત**

માનનીય વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તા.૨૮-૨-૨૦૨૦ની તારાંકિત પ્રશ્નોત્તરીમાં ટેબ્લેટની ખરીદી ઉંચા ભાવે કરવામાં આવ્યા બાબતનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેનો વિગતવાર ખુલાસો સભાગૃહમાં કરી, માનનીય વિપક્ષના નેતાને તેઓશ્રીએ આ બાબતે પુરાવા રજૂ કરવા જોઇએ અન્યથા તેમણે સભાગૃહમાં માફી માગવી જોઇએ તેવી રજૂઆત કરતાં, માનનીય વિપક્ષના નેતાએ આ બાબતે પુરાવા રજૂ કરવા માટે થોડોક સમય આપવાની વિનંતી કરતાં, તેમને સમય આપવામાં આવેલ હતો અને તેઓશ્રીએ સોમવારે સભાગૃહની બેઠક પૂર્ણ થાય તે પહેલાં તેઓ પુરાવા રજૂ કરશે તેમ જણાવેલ. પરંતુ તેઓશ્રીએ આજ તા.૩-૩-૨૦૨૦ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા બાદ પોતાની વાત રજૂ કરતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેબ્લેટની મૂળ કિંમત વિશે જ વાત કરવી જોઇએ, બીજી બાબતોને આ મુદ્દા સાથે કોઇ અનુસંધાન નથી તેમ જણાવ્યું. જેને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ ટેકો આપી, માનનીય વિપક્ષના નેતાશ્રીને ટેબ્લેટની મૂળ કિંમત જ જણાવવાનો આગ્રહ રાખ્યો, જેને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પણ ટેકો આપતાં, સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી અમિતભાઇ ચાવડા તથા શ્રી પુંજાભાઇ વંશે વિપક્ષના નેતાશ્રીને પોતાના મુદ્દા રજૂ કરવા દેવાની વિનંતી કરતાં, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેનો અસ્વીકાર કરી, તેઓએ ફક્ત ટેબ્લેટની મૂળ કિંમત બાબતની જ સ્પષ્ટતા કરવાનો આગ્રહ રાખતાં અને તેઓ સ્પષ્ટતા ન કરે તો તેમણે માફી માગવી જોઇએ અથવા તો સભાગૃહમાં તેમને ઠપકો આપવાની દરખાસ્ત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિપક્ષના નેતાશ્રીને પોતાના મુદ્દા તેમને તથા માનનીય મંત્રીશ્રીને લેખિતમાં આપવાનું જણાવી તેઓ આ બાબત આવતી કાલે સભાગૃહમાં હાથ ધરશે તેમ જણાવ્યું.

**૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ નિયમ-૧૧૬ અન્વયે ''તાજેતરમાં ખંભાત શહેરમાં થયેલા તોફાનોના કારણે લોકોમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નોના જવાબો આપ્યા.

**૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ઉદ્યોગ અને ખાણ વિભાગની ઉદ્યોગને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૪૯, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની શહેરી વિકાસને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૧૦૨, માર્ગ અને મકાન વિભાગની માર્ગો અને પુલને લગતી સેવા અંગેની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૮૬, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૭૧ તથા મહેસૂલ વિભાગની કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૭૯ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧ અને ૨, માગણી ક્રમાંક-૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ અને ૪, માગણી ક્રમાંક-૮૬

ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૭ અને ૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી અને ગિલોટીન માટેનો સમય સાંજના ૪.૦૦ વાગ્યાનો ઠરાવવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી હિંમતસિંહ પટેલ

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી અરવિંદકુમાર જી.પટેલ
(૩) શ્રી વિક્રમભાઇ માડમ
(૪) શ્રી અભેસિંહ તડવી
(૫) શ્રી ગુલાબસિંહ રાજપૂત
(૬) શ્રી સી.કે.રાઉલજી
(૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૮) શ્રી અજમલજી ઠાકોર
(૯) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૦) શ્રીમતી સીમાબેન મોહિલે
(૧૧) શ્રી મહેશભાઇ વસાવા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંકઃ ૪૯, ૧૦૨, ૮૬, ૭૧ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે સન ૨૦૧૯–૨૦૨૦ના વર્ષની પૂરક માગણી ક્રમાંકઃ ૧, ૧૦, ૧૪, ૧૯, ૨૬, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૪૦, ૪૧, ૪૩, ૫૦, ૫૫, ૫૮, ૫૯, ૬૦, ૭૫, ૮૧, ૮૨, ૮૮, ૯૫, ૯૬, ૯૮, ૧૦૪, ૧૦૬ અને ૧૦૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, બુધવાર, તા.૪થી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩જી માર્ચ, ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**